# સંગ્રામ ગુજરાતનો

# પક્ષપલટુ-બળવાખોરોનું ભાવિ ૮મીએ નક્કી થશે

## હાર્દિક પટેલ, મધુ શ્રીવાસ્તવ જેવા ઉમેદવારોને મતદારો કેવો પ્રતિસાદ આપે છે તે જાણવા મળશે

ગાંધીનગર, તા.૫

ગુજરાતમાં આજે ૯૩ બેઠકો પર બીજા તબક્કાનું મતદાન યોજાયું હતું, મતદાનની ૮ વાગ્યાથી શરુઆત થઈ ગઈ છે, પરંતુ આ દરમિયાન કેટલીક બેઠકો ચર્ચામાં છે અને તે ચર્ચાનું કારણ ત્યાં ઉભા કરવામાં આવેલા ઉમેદવાર છે. આવો આ હોટ સીટ પર કેવો માહોલ છે તે વિશે જાણીએ. આ બેઠકો પર નેતાઓ તાકાત બતાવી રહ્યા છે અને તેમાં કોણ સફળ થાય છે તે ૮મી ડિસેમ્બરે સ્પષ્ટ થઈ જશે.

પાટીદાર અનામત આંદોલનમાંથી જન્મેલા હાર્દિક પટેલ કોંગ્રેસ છોડીને ભાજપમાં આવ્યા અને તેમને વિરમગામ બેઠકની ટિકિટ આપવામાં આવી છે. અહીં બે વખતથી કોંગ્રેસના ઉમેદવારની જીતી થઈ રહી છે. હાર્દિક પટેલ પહેલીવાર ચૂંટણી મેદાનમાં ઝંપલાવ્યું છે. હાર્દિક પટેલ લાખા ભરવાડ સામે મેદાનમાં ઉતર્યા છે કે જેઓ વિરમગામથી માત્ર ૨૦ કિલોમીટર દૂર સાણંદમાં રહે છે. અહીં માંડલની આસપાસ ઔદ્યોગિક એકમો પણ આવેલા છે. અહીં ૨.૫ લાખ મતદારો છે અને તેમાં ૩૮,૦૦૦ પાટીદાર છે, જેમનો હાર્દિકને સારો સાથ મળી શકે છે.

દલિત નેતા કે જેઓ વર્ષ ૨૦૧૭માં અપક્ષ ઉમેદવાર તરીકે ચૂંટણી મેદાનમાં ઉતરીને જીત્યા હતા તેઓ આ વર્ષે કોંગ્રેસની ટિકિટ પર ચૂંટણી લડી રહ્યા છે. ૪૧ વર્ષના કોંગ્રેસના ઉમેદવાર જિગ્નેશ મેવાણી બીજી વખત તેમની ટક્કર કોંગ્રેસના પૂર્વ ધારાસભ્ય મણિભાઈ વાઘેલા સાથે થઈ રહી છે કે જેઓ કોંગ્રેસ છોડીને ભાજપમાં જોડાયા છે. આ બેઠક પર એસસી અને મુસ્લિમ મતદારોનો દબદબો છે. બનાસકાંઠા જિલ્લામાં આવતી આ બેઠક પર એઆઈએમઆઈએમએ પણ ઉમેદવારને ઉતાર્યા છે. જ્યારે દલપત ભાટિયા આપની ટિકિટ પરથી અહીં ચૂંટણી લડી રહ્યા છે.

વાઘોડિયા બેઠક કે જે હજુ પણ ભાજપના બળવાખોર દબંગ નેતા મધ શ્રીવાસ્તવના કારણે જાણિતી છે. તેઓને ભાજપે ટિકિટ ના આપતા તેમણે અપક્ષ ચૂંટણી લડવાનો નિર્ણય કર્યો છે. આ વખતે ભાજપે આ બેઠક પરથી વડોદરા યુનિટના ચીફ અશ્વિન પટેલને મેદાનમાં ઉતાર્યા છે કે જ્યારે કોંગ્રેસે રોયલ પરિવારના સત્યજીતસિંહ ગાયકવાડને ટિકિટ આપી છે. ૨૦૦૨ના તોફાનોનું ગ્રાઉન્ડ ઝીરો ચૂંટણીની જંગમાં પણ પોતાની તાકાત લગાવી દે છે. આ વખતે અહીં ચૂંટણી જંગ વધારે ખાસ થઈ રહ્યો છે, અહીં ભાજપ અને કોંગ્રેસને એઆઈએમઆઈએમ અને આપ સામે મોટો પડકાર ઝીલવાનો છે.

વર્ષ ૨૦૧૭માં આ બેઠક પરથી ભાજપના સીકે રાઉલજી કોંગ્રેસના રશ્મિકા ચૌહાણ સામે માત્ર ૨૫૮ મતોથી જીતી ગયા હતા. આ બેઠક પર લઘુમતિ, ઓબીસી મતો સૌથી મોટા કી ફેક્ટર સાબિત થાય છે. અહીં યુપીના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ અને એઆઈએમઆઈએમના અધ્યક્ષ અસદુદ્દીન ઓવેસીએ રોડ શો કર્યો હતો.

આણંદ જિલ્લાની આ બેઠક પર પણ ખરાખરીનો જંગ જોવા મળશે, આ બેઠક પરથી કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ અમિત ચાવડા ધારાસભ્ય છે. કોંગ્રેસના ધારાસભ્ય પાંચ વખત આણંદના સાંસદ રહેલા સ્વ. ઈશ્વર ચાવડાના પ્રપૌત્ર છે.

તેઓ પૂર્વ ગુજરાત કોંગ્રેસના અધ્યક્ષ ભરતસિંહ સોલંકીના પિતરાઈ પણ છે, જેમના પિતા માધવસિંહ સોલંકી ગુજરાતના મુખ્યમંત્રી પણ રહી ચૂક્યા છે. આ બેઠક પરથી ભાજપે પાછલી ચૂંટણીમાં નિષ્ફળ રહેલા ગુલાબસિંહ પઢિયારને કોંગ્રેસના ગઢમાં ગાબડું પાડવા માટે ફરી એકવાર મેદાનમાં ઉતાર્યા છે.

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે શીલજમાં મતદાન કર્યું

અમદાવાદ, તા.૫

ગુજરાત વિધાનસભાની ચૂંટણીના બીજા તબક્કાનું મતદાન સોમવારે થયું હતું ત્યારે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ મતદાન કરવા પહોંચ્યા હતા. સીએમએ શહેરના શીલજ વિસ્તારમાં મતદાન કર્યું હતું. સીએમ ભૂપેન્દ્ર પટેલ ઘાટલોડિયાથી ભાજપના ઉમેદવાર છે. સાથે જ બીજા તબક્કામાં અનેક દિગ્ગજ નેતાઓ મતદાન કરવા પહોં પહોંચ્યા હતા. વર્ષ ૨૦૧૭ની ચૂંટણીની વાત કરીએ તો આ બેઠક પરથી ભાજપના ઉમેદવાર ભૂપેન્દ્ર પટેલ અને કોંગ્રેસમાંથી શશીકાંત પટેલને ટિકિટ આપવામાં આવી હતી. તેમાં ભાજપના ઉમેદવાર ભૂપેન્દ્ર પટેલને ૧ લાખથી વધુ મતની લીડ મળી હતી અને તેઓ જીતી ગયા હતા. ગુજરાતમાં પહેલી ડિસેમ્બરના રોજ પ્રથમ તબક્કાનું મતદાન યોજોયું હતું. મતદાનના બીજા દિવસે ચૂંટણી પંચ તરફથી મતદાનના અધિકૃત આંકડા જાહેર કરવામાં આવ્યા હતા. જે પ્રમાણે ૧૯ જિલ્લાની ૮૯ બેઠકો પર ૬૩.૧૪ ટકા મતદાન નોંધાયું છે. જેમાં સૌથી વધુ મતદાન નર્મદા જિલ્લામાં ૭૮.૨૪ ટકા નોંધાયું છે. બોટાદ જિલ્લામાં સૌથી ઓછું ૫૭.૫૮ ટકા મતદાન નોંધાયું છે. અમરેલી જિલ્લામાં ૫૭.૫૯ ટકા મતદાન નોંધાયું છે. સત્તાવાર આંકડા પ્રમાણે આદિવાસી વસ્તી ધરાવતા ૫ જિલ્લામાં ૬૫ ટકાથી વધુ મતદાન થયું છે.

### સી.આર પાટીલે મતદારોનો આભાર માન્યો

# ભાજપને જંગી બહુમતી મળશે : સી.આર પાટીલ

## કાર્યકરો, યુવાનો અને ભાજપ સાથે જોડાયેલા લોકોએ સારી એવી કામગીરી કરી છે, તે માટે તે દરેકનો આભાર માન્યો

અમદાવાદ,તા.૫

ચૂંટણીમાં સારી રીતે કામ કરવા માટે સી.આર પાટીલે બધાનો આભાર માન્યો હતો. આ સાથે તેમણે પ્રધાનમંત્રીનો પણ ખાસ આભાર માન્યો હતો. પટીલે કહ્યું કે, 'ગુજરાતમાં દરેક કાર્યકર્તાઓએ સારી રીતે કામગીરી કરી છે. અને શાંતિપૂર્ણ મતદાન પૂર્ણ થયું તેના માટે ગુજરાતની તમામ મતદારોનો હું આભાર માનું છું.' વિધાનસભાની ચૂંટણીમાં બન્ને તબક્કાનું મતદાન પૂર્ણ થઈ ગયું છે. સીઆર પાટીલે દાવો કર્યો છે કે, આ વિધાનસભાની ચૂંટણીમાં ભાજપને જંગી બહુમતી મળવાની છે. આ સાથે જ તેમણે ગુજરાતની તમામ લોકોનો આભાર માન્યો હતો. આ સાથે સાથે તેમણે આશા વ્યક્ત કરી હતી કે, ગુજરાતની જનતાને ભાજપ પર ભરોસો છે અને ભાજપના પક્ષમાં લોકોએ મત કર્યા હશે. મતદાન સમયે કાર્ય કરતા કાર્યકરો, યુવાનો અને ભાજપ સાથે જોડાયેલા લોકોએ સારી એવી કામગીરી કરી છે. તે માટે તે દરેક લોકોનો આભાર માન્યો છે. પાટીલે કહ્યું કે, 'આ વખતે રેકોર્ડ સાથે બેઠકો જીતવાની છે. અને તેના માટે પ્રધાનમંત્રી મોદી અને ભાજપના ઘણા નેતાઓ પ્રચાર માટે આવ્યા હતો. રોડ શો અને જાહેર સભાઓ દ્વારા પ્રચાર કરી ગુજરાતમાં ભાજપની બહુમતી માટે સમય આપ્યો છે. તેના માટે તે તમામ લોકોનો હું આભાર માનું છું. વિધાનસભા ચૂંટણીનાબંન્ને તબક્કાનું મતદાન પૂર્ણ થઈ ગયું છે. ઉત્તર અને મધ્ય ગુજરાતમાં બીજા તબક્કાનું મતદાન યોજાયું હતું.

### પંચના નિયમથી મતદારો પરેશાન

# મથકમાં મોબાઈલ ન લઈ જવા દેવાતા લોકો અટવાયા

## કેટલાક મતદાન મથકો પર મોબાઈલ ખિસ્સામાં રાખવાની શરતે મતદારોને અંદર જવા દેવામાં આવ્યા

ગાંધીનગર, તા.૫

મતદાન મથકમાં મોબાઈલ નહીં લઈ જવા દેવાના નિયમના પગલે સંખ્યાબંધ મતદારો અટવાયા હતા અને ઘણી જગ્યાએ આ મુદ્દે રકઝકના દ્રશ્યો પણ જોવા મળ્યા હતા. ચૂંટણી તંત્રે મતદાન મથકમાં મોબાઈલ નહીં લઈ જવા દેવા પર પ્રતિબંધ મુક્યો છે.જોકે ઘણા મતદારો એવા હતા જેઓ વોટ આપીને સીધા કામ ધંધે અથવા તો બીજા કોઈ કામસર જવા માંગતા હોવાથી મોબાઈલ લઈને આવ્યા હતા. મોબાઈલના નિયમના અમલને લઈને મતદાન મથકો પર વિરોધાભાસ જોવા મળ્યો હતો.કેટલીક જગ્યાએ સુરક્ષા કર્મીઓએ મોબાઈલ બહાર ટેબલ પર મુકીને અંદર આવવાનો આદેશ કર્યો હતો.તો કેટલાક મતદાન મથકો પર મોબાઈલ ખિસ્સામાં રાખવાની શરતે મતદારોને અંદર જવા દેવાયા હતા. જોકે મોબાઈલ બહાર નહીં મુકવા માંગતા મતદારો આ મુદ્દે દલીલબાજી કરતા પણ નજરે પડ્યા હતા. સમા વિસ્તારની સરસ્વતી સ્કૂલમાં મતદારોએ મોબાઈલ સાથે પ્રવેશ નહીં અપાતા હોબાળો મચાવ્યો હતો અને કહ્યુ હતુ કે, મોબાઈલ મુકવા માટે સુરક્ષા સાથેનુ અલગ કાઉન્ટર બનાવવુ જોઈએ.નહીંતર ઘણા મતદારો મત આપ્યા વગર જશે.

### મોદીએ મોટા ભાઈ સોમાભાઇના ઘરે મહેમાનગતિ માણી

# મોદીના ભાઈ સોમાભાઈ તેમને મળીને રડી પડ્યા

## વડાપ્રધાન નરેન્દ્ર મોદી સારું કામ કરે છે, તેમને થોડો આરામ કરવા મોટાભાઈ સોમાભાઈએ સલાહ આપી

અમદાવાદ, તા.૫

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અમદાવાદના રાણીપ વિસ્તારની નિશાન સ્કૂલમાં મતદાન કર્યા બાદ મોટા ભાઈ સોમાભાઈના ઘેર મહેમાનગતિ માણી હતી. તેમના મોટાભાઈ સોમાભાઈ તેમને મળીને રડી પડ્યાં હતાં. તેમણે કહ્યું હતું કે, તેઓ સારૂ કામ કરે છે જેથી થોડો આરામ પણ કરવો જોઈએ.

સોમાભાઈએ મીડિયાને જણાવ્યું હતું કે તેમના ભાઈ નરેન્દ્રભાઈ સારૂ કામ કરે છે. તેમને થોડો આરામ પણ કરવો જોઈએ. ૨૦૧૪ પછી કેન્દ્રમાં નરેન્દ્રભાઈ આવ્યા ત્યારથી સારા કામ થયાં છે. હું પણ તેમને કહું છું કે દેશ માટે સારા કામો કરો.

આ દરમિયાન તેઓ ભાવુક થયા હતાં. સોમાભાઈ પોતાના ઘરે નરેન્દ્રભાઈને જોતા જ ભાવુક થયા હતાં. મોદીએ ત્યાં થોડોક સમય પણ પસાર કર્યો હતો. મતદાન બાદ વડાપ્રધાન મોદીએ મીડિયા સાથે વાત કરતા જણાવ્યું કે, ગુજરાત, હિમાચલ પ્રદેશ અને દિલ્હીના લોકો દ્વારા લોકશાહીના ઉત્સવની ઉજવણી કરવામાં આવી છે. હું દેશના તમામ નાગરિકોનો આભાર માનુ છું. તેમજ શાંતિપૂર્ણ રીતે મતદાન પ્રક્રિયા કરાવવા બદલ હું ચૂંટણીપંચને અભિનંદન પાઠવું છું.

# કોંગ્રેસનાં ગુમ ધારાસભ્ય કાંતી ખરાડી મળી આવ્યા

બનાસકાંઠા, તા.૫

ગુજરાત ચૂંટણીનો આજે મહત્ત્વનો દિવસ છે. આજે ઉત્તર અને મધ્ય ગુજરાતની ૯૩ બેઠકો પર મતદાન થવા જઇ રહ્યું છે. ત્યારે રાતથી જ બનાસકાંઠાના દાંતાના કોંગ્રેસના ઉમેદવાર કાંતી ખરાડી મોડી રાતથી ગુમ થઈ ગયા હતા. જોકે, તેઓ જાતે જ પોલીસ સ્ટેશનમાં હાજર થયા હતા અને પોતાની ઉપર હુમલો થયો હોવાનો દાવો કરી રહ્યા છે. કાંતિ ખરાડીના ગુમ થવા મામલે રાજકારણ ગરમાયુ હતુ. ત્યારે બનાસકાંઠાના દાંતાના કોંગ્રેસના ઉમેદવાર કાંતી ખરાડીને પોલીસે સાંઢુસી ગામ પાસેથી શોધી કાઢ્યા છે. હુમલો થવાના કારણે બચવા માટે જંગલમાં સંતાઈ ગયા હોવાનો તેઓ દાવો કરી રહ્યા છે. તો સાથે જ ભાજપના કાર્યકરોએ હુમલો કર્યો હોવાનો પણ કાંતી ખરાડીનો આક્ષેપ છે. આપને જણાવી દઈએ કે, હુમલાની ફરિયાદ મળ્યાના ૪ કલાકમાં પોલીસ કાંતી ખરાડી સુધી પહોંચી ગઈ હતી. તો બીજી બાજુ સમગ્ર ઘટનાને લઈને રાહુલ ગાંધીએ પણ ટ્વીટ કરીને ભાજપ પર પ્રહાર કર્યા હતા. કાંતિ ખરાડીએ આ અંગે એક વીડિયો જાહેર કરીને જણાવ્યુ છે કે, 'હું ભાજપ કાર્યાલયથી મારા ઘર તરફ જઈ રહ્યો હતો તે સમયે ૨૫ જેટલી ગાડીઓએ આગળ પાછળ આવીને ટક્કર મારી ધોકા તલવાર લઈને ટોળું આવ્યું હતુ. જેથી હું મારો જીવ બચાવવા ખેતરમાં ઉતરી ગયો હતો. હું કાયદાથી ચાલવાવાળો માણસ છું એટલે હાલ પોલીસ સ્ટેશન આવ્યો છું.

# શહેરમાં મતદાનમાં બપોરે નિરસતા

## પ્રથમ બે-ત્રણ કલાક સુધી ઉત્સાહભેર મતદાન બાદ આખો દિવસ મતદાન મથકો સુના રહ્યા : મતદારોને મતદાન મથક સુધી ખેંચી લાવવાના તમામ પક્ષોના પ્રયાસો નિષ્ફળ રહ્યા

ગાંધીનગર, તા. ૫

રાજ્યના પાટનગર ગાંધીનગરના મતદારો જાણે સમગ્ર ચૂંટણી પ્રક્રિયા અને રાજકીય પાર્ટીઓથી નારાજ હોય તેમ શહેરમાં મતદાન ઓછુ રહ્યુ. શહેરી મતદારોને મતદાન મથક સુધી ખેંચી લાવવાના રાજકીય પાર્ટીઓના પ્રયાસો ઓછા પડ્યા હોય તેમ આજે આખો દિવસ મતદાન મથકો પર ક્યાંય ભીડ જોવા ન મળી.

ગાંધીનગર શહેર રાજકીય ચહલપહલનું કેન્દ્ર ગણાય છે. ગાંધીનગરની સત્તા પ્રાપ્ત કરવા સમગ્ર ગુજરાતમાં કશ્મેકશ જંગ ખેલાઈ છે ત્યારે ગાંધીનગર શહેરના મતદારો મતદાનના દિવસે મતદાનથી અળગા રહ્યા હોય તેવુ ચિત્ર ઉપસ્યુ છે. શિક્ષિત અને સમજદાર ગણાતા ગાંધીનગર શહેરના મતદારો મતદાનના દિવસે જ મતદાન મથકોથી દૂર રહ્યા. ગાંધીનગરની વિધાનસભા બેઠકો તમામ પક્ષો માટે પ્રતિષ્ઠાનું પ્રતિક બને છે. રાજકીય પક્ષો આ સીટો પર જીત મેળવવા તમામ પ્રયાસો કરે છે. રાજકીય પક્ષોના તમામ પ્રયાસો બાદ પણ શહેરી મતદારોને રીઝવી શકાયા નથી તે એક હકીકત છે. રાજકીય પક્ષોના તમામ દાવાઓ બાદ મતદારો મતદાન મથકો સુધી ગયા જ નહી. ગાંધીનગર શહેરમાં મોટાભાગે સરકારી કર્મચારીઓની વસ્તી છે. એક મોટો વર્ગ નિવૃત્તોનો પણ છે. આ બંને વર્ગ સરકારની કેટલીક નીતિઓથી સહમત નથી. સરકારી યોજનાઓના લાભાર્થીઓ પણ અહીં ઓછા છે. જ્યારે આંતરમાળખાકીય સુવિધાઓ તો અહીં ઘણા વર્ષોથી શ્રેષ્ઠ જ છે. સુવિધાઓ બાબતે તો કદાચ શહેરી મતદારોને હવે ક્યાંક ક્યાંક સમાધાન પણ કરવુ પડે છે. વળી જે સુવિધાઓ પહેલાં નિઃશુલ્ક મળતી હતી તેનો હવે ચાર્જ ચુકવવો પડે છે. જેના કારણે પણ કદાચ શહેરી મતદારોમાં થોડીક નારાજગી જોવા મળી રહી છે. વળી અહીંના મતદારોએ તમામ રાજકીય પક્ષો અને રાજકીય આગેવાનોને ખુબ નજીકથી જોયા છે. તેમના દાવાઓમાં કેટલી સચ્ચાઈ છે તે પણ અહીંના શાણા, સમજદાર અને શિક્ષિત મતદારો સારી પેઠે જાણે છે. આથી આ મતદારોને રીઝવવા સહેલા નથી. મતદાનના દિવસે સવારે થોડાક કલાકોમાં સારૂ વોટીંગ રહ્યુ પરંતુ તે પછી આખો દિવસ મતદાન મથકો સુના રહેતા ઉમેદવારોને નવેસરથી ગણિત માંડવાની જરૂર પડી છે.

### ૬૧ ટકા મતદાન

● અનુસંધાન પહેલાનું ચાલુ

જોવા નથી મળી. ખાસ કરીને શહેરી વિસ્તારોમાં મતદાન ખૂબ જ નીરસ રહ્યું છે. ૨૦૧૭માં પાટીદાર આંદોલન વખતે જે વોટિંગ થયું હતું તેનાથી પણ ઓછું વોટિંગ ૨૦૨૨ની ચૂંટણીમાં નોંધાયું છે.

૨૦૧૭માં સત્તાપક્ષને સૌરાષ્ટ્રમાં સૌથી વધુ ડેમેજ થયું હતું. આ વખતે આમ આદમી પાર્ટીની એન્ટ્રીને કારણે સુરત અને સૌરાષ્ટ્રમાં કોઈ નવાજૂની થાય છે કે કેમ તેના પર સૌની નજર છે. આમ આદમી પાર્ટીએ પોતાના પ્રચાર અભિયાનમાં અહીં જ સૌથી વધુ જોર લગાવ્યું હતું. ખાસ કરીને સુરતની વરાછા, કતારગામ જેવી બેઠકો પર આમ આદમી પાર્ટી અને ભાજપ વચ્ચે સીધો જંગ મનાઈ રહ્યો છે.

### નરેન્દ્ર મોદી

● અનુસંધાન પહેલાનું ચાલુ

એસપીજી અને અમદાવાદ શહેરના ઉચ્ચ પોલીસ અધિકારીઓ દ્વારા ગઈકાલે સવારે રિહર્સલ કરવામાં આવ્યું હતું અને નિશાંત સ્કૂલમાં મતદાનની તમામ સામગ્રીઓ પહોંચાડવામાં આવી હતી. આજે અમિત શાહે ટ્વિટ કરીને લખ્યું હતું કે, ''ગુજરાતમાં આજે બીજા અને છેલ્લા તબક્કાનું મતદાન છે. આ તબક્કાના તમામ મતદારોને, ખાસ કરીને યુવાનોને અપીલ કરું છું કે ગુજરાતમાં શાંતિ અને સમૃદ્ધિ સુનિશ્ચિત કરતી સરકારને પ્રચંડ બહુમતી સાથે વિજયી બનાવવા વિક્રમજનક સંખ્યામાં મતદાન કરીએ.

### એક્ઝિટ પોલ

● અનુસંધાન પહેલાનું ચાલુ

આંદોલનની અસરને લઈને આ ભાજપનું અનુમાન રગદોળાયું હતું અને આખરે ભાજપને ૯૯ બેઠક જીતીને સંતોષ માનવો પડ્યો હતો. જ્યારે કોંગ્રેસ ૨૨ વર્ષથી (તે સમયે) સત્તાથી દૂર રહીને સત્તા હાસલ કરવાની મનસા સાથે જીતની દાવેદારી નોંધાવી રહી હતી. પરંતુ આખરે તેમને પણ ૭૭ બેઠક જીતીને સંતોષ માનવો પડ્યો હતો. આમ, કોંગ્રેસને ૨૨ વર્ષ બાદ પણ ફરીથી સત્તાનું સપનું, સપનું જ રહ્યું. જોકે, ૨૦૧૭ની ચૂંટણીમાં ભારતીય ટ્રાઈબલ પાર્ટીને ૨ બે બેઠક, જગ્નેશ મેવાણી સહિત ૩ અપક્ષ ઉમેદવારોને જીત મળી હતી. આ સાથે, કુતિયાણાથી લડતા દ્રઝૅના ઉમેદવાર કાંધલ જાડેજાને પણ જીત મળી હતી. આમ, ગુજરાત વિધાનસભા ચૂંટણીમાં ૨૦૧૭માં ભાજપ અને કોંગ્રેસને એક્ઝિટ પોલથી ઘણુ વિપરીત પરિણામ મળ્યું હતું.

# ટિકિટ કાપનારા પર બજરંગબલીની ગદા ફરી વળશે : મધુ શ્રીવાસ્તવ

વાઘોડિયા, તા.૫

ગુજરાત વિધાનસભાની ચૂંટણીનું આજે બીજા તબક્કાનું મતદાન પુરૂં થયું છે. આ દરમિયાન ભાજપે ટીકિટ નહીં આપતાં વાઘોડિયા બેઠક પરથી અપક્ષમાં ચૂંટણી લડતાં ઉમેદવાર મધુ શ્રીવાસ્તવે મીડિયા સામે મોટો ધડાકો કર્યો હતો. તેમણે કહ્યું હતું કે,કરણી સેના, શિવ સેના અને આપના સાથથી હું આ ચૂંટણી જીતી લઈશ.મારી ટિકિટ કાપનારાઓ પર બજરંગ બલીની ગદા ફરી વળશે.મને મારા બજરંગ બલી ભગવાન પર ભરોસો છે. મધુ શ્રીવાસ્તવે કહ્યું કે મેં કોઈને હેરાન કર્યા નથી. વેપારીઓ અને દુકાનદારોને સતત સપોર્ટ કર્યો છે એટલે બધા મને સપોર્ટ કરે છે. મારી સાથે અત્યારે આમ આદમી પાર્ટી, કરણી સેના અને શિવ સેના છે. અમે બધા ભેગા મળીને આ બેઠક જીતી રહ્યા છીએ એમાં કોઈ શંકાને સ્થાન નથી. મેં ચૂંટણી પરિણામ સહિતનું બધુ બજરંગ બલી પર રાખ્યું છે. મારી ટિકિટ કાપનારાઓ પર બજરંગ બલીની ગદા ફરી વળશે.

# અનેક જગ્યાએ EVM મશીન ખોરવાતા મતદારો પરેશાન

## મતદાનના મહાપર્વના દિવસે વેજલપુર વિસ્તારમાં EVM મશીન ખોટવાતા મતદાન કરવા પંહોચેલ મતદારો પરેશાન થયા

અમદાવાદ,તા.૫

મધ્ય ગુજરાત અને ઉત્તર ગુજરાતની ૯૩ બેઠકો પર સવારના ૮ વાગ્યાથી મતદાન પ્રક્રિયા શરૂ થઈ ગઈ હતી. બીજા તબક્કાના મતદાનમાં ઉત્તર ગુજરાત અને મધ્ય ગુજરાતના ૧૪ જિલ્લાની ૯૩ બેઠકોનો ૨૬ હજાર ૪૦૯ મતદાન મથકો પર મતદાન શરૂ થયું હતું. જેમાં ૮,૫૩૩ શહેરી મતદાન મથકો અને ૧૭હજાર ૮૭૬ ગ્રામ્ય વિસ્તારના મતદાન મથકોનો સમાવેશ થાય છે. આજે ૧૪ જિલ્લાના ૨ કરોડ ૫૧ લાખ ૫૮ હજાર ૭૩૦ મતદારો પોતાના મત્તાધિકારનો ઉપયોગ કર્યો હતો. બીજા તબક્કાની ૯૩ બેઠકો પર કુલ ૮૩૩ ઉમેદવારો મેદાનમાં છે. બીજા તબક્કામાં મુખ્યમંત્રી, ૮ મંત્રી અને ૬૦ સિટીંગ ધારાસભ્યો સહિત ભાજપ, કોંગ્રેસ-NCP અને આપના ૨૭૯ ઉમેદવારો સહિત કુલ ૮૩૩ ઉમેદવારોનું ભાવિ ઈફસ્માં સીલ થશે. આગામી ૮મી ડિસેમ્બરના રોજ મતગણતરી હાથ ધરવામાં આવશે.

ઉત્તર ગુજરાત અને મધ્ય ગુજરાતના ૧૪ જિલ્લામાં જોરશોરથી મતદાન થઈ રહ્યું છે અને લોકો લાઈનમાં ઊભા રહીને પણ મતદાન પ્રક્રિયામાં ભાગ લઈ રહ્યા હતા. ૩ વાગ્યા સુધીમાં કુલ ૫૦.૫૧ ટકા જેટલું મતદાન થયું હતું. એવામાં હાલ જણાવ મળ્યું છે કે અમદાવાદના વેજલપુર વિસ્તારમાં પણ EVM મશીન ખોટવાયું હતું. અચાનક વેજલપુરમાં ઈફસ્ખામી સર્જાતા ત્યાં મત કરવા પંહોચેલ મતદારોને પરેશાનીનો સામનો કરવો પડ્યો હતો. જો કે ખામી સર્જાતાં તુરંત જ ટેકનીકલ ટીમ દ્વારા કામગીરી હાથ ધરાઈ હતી. જણાવી દઈએ કે વેજલપુરની આંગણવાડી નંબર-૩માં ઈફસ્ ખોટકાયુ એટલા માટે મતદારોને ઘણી પરેશાનીનો સામનો કરવો પડ્યો હતો.

અમદાવાદમાં બીજા તબક્કાનું મતદાન પૂરજોશમાં ચાલુ છે એવામાં વેજલપુર સિવાય શાહીબાગની રાજસ્થાન હિંદી હાઈસ્કૂલમાં પણ ઈફસ્માં ખામી સર્જાઈ હતી. શાહીબાગની રાજસ્થાન હિંદી હાઈસ્કૂલમાં થતાં મતદાનના રૂમ નંબર ૪૨ના ઈફસ્માં ખામી સર્જાઈ હતી અને એ ખામી સર્જાતા ૨૦મિનીટ સુધી મતદારો મતદાન કરી શક્યા નહતા.

મહેમદાવાદ તાલુકાના કેસરા ગામના EVM મશીનમાં પણ ખામી સર્જાઈ હતી. મતદાનના મહાપર્વના દિવસે મતદાન પ્રક્રિયા અટવાતા કેસરા મતદાન મથકે મતદારોની લાંબી લાઈન લાગી હતી. આ સાથે જ ઈફસ્માં ખામી સર્જાતા ગામ લોકોએ કેબિનેટ મંત્રી અર્જુનસિંહને ચૌહાણને બોલાવ્યા હતા.

### પ્રથમવાર મતદાન કરી ગૌરવ અનુભવ્યુ ....

સરઢવ ગામના તનવી, ચેતના અને કીંજલે પ્રથમ વખત મતદાન કરી ગૌરવની લાગણી અનુભવી હતી. પ્રથમવાર મતાધિકારનો ઉપયોગ કરી તેમના ચહેરા પર ખુશીની લહેર જોવા મળી હતી. પ્રથમવાર મતદાન કરવાની આતુરતાથી રાહ જોતા કલ્હાર પટેલે પણ આજે પ્રથમવાર મતાધિકારનો ઉપયોગ કરતા ખુશીની લાગણી વ્યકત કરી હતી. શહેરમાં પણ ઘણાં મતદાન મથકો પર યુવક યુવતિઓએ પ્રથમવાર મતદાન કરી લોકશાહીના આ પર્વની ઉજવણીમાં ભાગીદાર બનવાનો ઉત્સાહ વ્યકત કર્યો હતો.

# કેન્સરગ્રસ્ત મહીલા મતદાન કરી કીમોથેરાપી માટે ગયા....!!

પોતાના પગે ચાલવામાં અસમર્થ સાયરાબાનુએ પણ પરિવાર સાથે મતદાન કર્યુ હતુ. જિલ્લા ચુંટણી તંત્ર દ્વારા દિવ્યાંગ મતદારો માટે કરવામાં આવેલી વ્યવસ્થાના આધારે ઘરેથી મતદાન કરવા માટે મથક સુધી પહોંચ્યા હતા. આ દરમિયાન મતદાન બુથ પર વ્હીલચેરનો ઉપયોગ પણ તેમણે કર્યો હતો. મુશ્કેલીઓનો સામનો કરી મતદાન કરવા માટે મદદરૂપ થનારા તંત્ર પ્રત્યે પણ તેમણે આભારની લાગણી વ્યકત કરી હતી. ૮૫ વર્ષના દાજી સોમાજી અને ૮૨ વર્ષના ગાંડાજી બન્ને ભાઈઓએ પણ આંખોની દ્રષ્ટી ધુંધળી હોવાછતા ભાવિ પેઢીના ભવિષ્ય અને સુરક્ષાને ધ્યાનમાં રાખી મતદાન કર્યુ હતુ. કેન્સર ગ્રસ્ત ચંદ્રીકાબેન ખીસડીયાએ પણ સે-૨૦ માં મતદાન કર્યુ હતુ અને ત્યારબાદ કીમોથેરાપી માટે ગયા હતા.